**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ,**
**સુરત - ૩૯૫૦૦૭**

## ૪૮ માં સ્પેશ્યલ પદવીદાન સમારંભ અંગેની જાહેરાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ૪૮ માં સ્પેશ્યલ પદવીદાન સમારંભ આગામી ઓગષ્ટ, ૨૦૧૭ માં યોજાનાર છે. નવેમ્બર/ડીસેમ્બર-૨૦૧૬ તથા તે પહેલા લેવાયેલ સ્નાતક, અનુસ્નાતક કે ડિપ્લોમાં પદવી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલ હોય અને હજુ સુધી જેમણે પદવી પ્રમાણપત્રો મેળવવા માટે અરજી કરેલ ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓને નિયત સમયમાં અરજી કરવાથી પદવી પ્રમાણપત્રો આપવામાં આવશે.

યુનિવર્સિટીની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ ફોર્મ જ સ્વીકારવામાં આવશે. માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ **www.vnsgu.ac.in** તેમજ **www.vnsguexam.org** પર ઉપલબ્ધ છે.

૧. **વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ આવેદનપત્ર ( Convocation Form) માં સુચવ્યા મુજબની તમામ વિગતો ભરી, માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો તથા નિયત ફી રૂ.૨૨૫/-(માત્ર રોકડ રકમમાં જ) સહિત યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ગુજરાતની કુલ ૫૪૧ પોસ્ટ ઓફિસ તથા ધ પંચશીલ મર્કેન્ટાઇલ કો.ઓ.બેંક લિમિટેડ, સુરતની કુલ ૬ શાખાઓ પર મંગળવાર તા.૧૪-૦૩-૨૦૧૭ થી શનિવાર તા.૨૯-૦૪-૨૦૧૭ સુધી સ્વીકારવામાં આવશે. પોસ્ટ ઓફિસ તથા ધ પંચશીલ મર્કેન્ટાઇલ કો.ઓ.બેંક લિમિટેડ, સુરતની કુલ ૬ શાખાઓની માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ પરથી જોઈ શકાશે.**

૨. જે વિદ્યાર્થીઓ ટપાલ દ્વારા આવેદનપત્ર મોકલવા માંગતા હોય તેઓએ યુનિવર્સિટીની વેબસાઇટ પરથી આવેદનપત્ર ડાઉનલોડ કરી જરૂરી દસ્તાવેજ તેમજ નિયત કરેલ ફી રૂ. ૨૨૫/- 'કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત' (Registrar, Veer Narmad South Gujarat University, Surat) ના નામનાં ડિમાન્ડ ડ્રાફ્ટ સહિત 'કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,ઉધના મગદલ્લા રોડ, સુરત ૩૯૫૦૦૭ ના સરનામે મોડામાં મોડું તા.૨૯-૦૪-૨૦૧૭ ના રોજ કાર્યાલયને મળે તે રીતે ટપાલ દ્વારા મોકલવાનું રહેશે. તા.૨૯-૦૪-૨૦૧૭ પછી મળનાર આવેદનપત્ર પોસ્ટને કારણે મોડુ થયું હશે, તો પણ સ્વીકારવામાં આવશે નહી.

૩. યુનિવર્સિટી પર કોઈપણ સંજોગોમાં ડીગ્રી અંગેના આવેદનપત્રો તથા ફી સ્વીકારવામાં આવશે નહી.

૪. ઉમેદવારોએ ફોર્મમાં દર્શાવેલી તમામ સૂચનાઓ વાંચ્યા બાદજ ફોર્મ ભરવું. ખોટી તથા અધુરી વિગતોવાળું, તથા નિયત દસ્તાવેજો જોડેલ ન હોય તો આવેદનપત્ર રદ કરી આપનું ફોર્મ તથા ફી દફતરે કરવામાં આવશે, તથા તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(શ્રી એ.વી. ધડુક)
ઈ.ચા. કુલસચિવ

College of Business Administration
Inward No 165
Date 10/03/2017

( કાર્યાલય / વિભાગની જાણ માટે )
નકલ સવિનય રવાના :

સંલગ્ન કોલેજોના આચાર્યો અને અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તરફ જાણ તથા વિદ્યાર્થીઓની જાણ માટે કોલેજ / વિભાગના નોટિસબોર્ડ ઉપર મુકવાની વિનંતી સહ.

નકલ રવાના :

યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ માટે.

ક્રમાંક : પરીક્ષા/સ્પેશ્યલ પદવીદાન/૩૯૬/૨૦૧૭
સુરત. તા.૦૪/૦૩/૨૦૧૭

(શ્રી એ.વી. ધડુક)
ઈ.ચા. કુલસચિવ